

PRGI No. GUJGUJ/2016/70752

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 246
Dt.: 11-07-2026,
Saturday
Page:04
Rs.00.50 paisa


### માઈલેજ પર નજીવી અસર થશે : કેન્દ્રીય મંત્રી

# ઈથેનોલના કારણે કાર બંધ થવાનો એકેય કેસ નથીઃ ગડકરી

## તેમણે જણાવ્યું કે ઈથેનોલની કેલોરીફિક વેલ્યૂ (calorific value) પેટ્રોલની સરખામણીએ ઓછી હોય છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશમાં ઈથેનોલ મિક્સ પેટ્રોલ અને તેની ગાડીઓના પરફોર્મન્સ પર પડનારી અસર વિશે મોટી ચર્ચા છેડાયેલી છે.

સોશિયલ મીડિયા ઉપર ભાત ભાતના દાવા થઈ રહ્યા છે. લોકોમાં વધતી આશંકાઓ અને ચર્ચાઓ વચ્ચે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ સ્થિતિ સ્પષ્ટ કરી છે. ગડકરીએ કહ્યું કે પેટ્રોલમાં ઈથેનોલ ભેળવવાની ટકાવારી વધ્યા બાદ ગાડીઓની માઈલેજમાં થોડો ઘટાડો આવી શકે છે. તેમણે જણાવ્યું કે ઈથેનોલની કેલોરીફિક વેલ્યૂ (calorific value) પેટ્રોલની સરખામણીએ ઓછી હોય છે. તેમણે એવો ભરોસો અપાવ્યો કે મોટાભાગના કેસોમાં ગાડીઓની માઈલેજ પર તેની અસર ખુબ મામૂલી કે નહિંવત પડશે.

સોશિયલ મીડિયા પર છેલ્લા કેટલાક સમયથી વાયરલ વીડિયોમાં દાવો થઈ રહ્યો છે કે E20 ફ્યૂલ યૂઝ કરવાથી ગાડીઓના એન્જિન અને બીજા પાર્ટ્સ ખરાબ થઈ રહ્યા છે. તેમણે આ દાવા સંપૂર્ણ રીતે ફગાવી દીધા છે અને કહ્યું કે સોશિયલ મીડિયા પર જે પણ ચલાવવામાં આવી રહ્યું છે તે પૂરેપૂરું વધારી ચડાવીને રજૂ કરાયું છે. તેમણે કહ્યું કે દેશમાં E20 બ્લેન્ડ (૨૦ ટકા ઈથેનોલ અને ૮૦ ટકા પેટ્રોલ)ને આમ જ કઈ લાગૂ કરાયું નથી. ગત વર્ષે પુનામાં આવેલી જાણીતી ટેસ્ટિંગ લેબ એઆરએઆઈ અને દશના તમામ મોટા વાહન નિર્માતાઓ દ્વારા અને ટેસ્ટિંગમાંથી તેને પસાર કરવામાં આવ્યું હતું. ટેસ્ટમાં પાસ થયા બાદ અને મંજૂરી મળ્યા પછી જ તેને બજારમાં ઉતારવામાં આવ્યું છે.

જ્યારે ગડકરીને જૂની કારોના કેટલાક ભાગો પર પડનારી અસર વિશે પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું કે, સરકારે તેના વિશે પહેલેથી જ સુરક્ષા પગલાં લીધા છે. વાહન નિર્માતા કંપનીઓ નિર્દેશ અપાયા છે કે જ્યારે પણ જૂની કારો સર્વિસિંગ માટે આવે તો તેનાથી પ્રભાવિત થનારા નાના મોટા પાર્ટ્સને બદલી નાખવામાં આવે. એક ન્યૂઝ પેપર સાથે વાતચીતમાં ગડકરીએ ચોખ્ખા શબ્દોમાં કહ્યું કે, મને એક પણ એવી કાર દેખાડો કે જે E20 ફ્યૂલના કારણે ખરાબ થઈ હોય.

તેમણે કહ્યું કે જ્યારે કંપનીઓને એન્જિન ખરાબ થયા હોવાના દાવાની તપાસ માટે કહેવાયું તો જાણવા મળ્યું કે ગાડીઓમાં ખરાબી ઈથેનોલના કારણે નહીં પરંતુ ભેળસેળીયા ઈંધણના ઉપયોગના કારણે આવી હતી. માઈલેજ પર વાત કરતા ગડકરીએ કહ્યું કે, આપણે બે વસ્તુ સમજવી પડશે. પહેલી એ કે પેટ્રોલ અને ઈથેનોલની કેલોરીફિક વેલ્યુમાં ફરક હોય છે.

ગાડીની માઈલેજ તમે તેને કઈ સ્થિતિમાં ચલાવી રહ્યા છો તેના પર નિર્ભર કરે છે. દિલ્હી કે મુંબઈમાં ભારે ટ્રાફિકમાં ગાડીઓ નીચલા ગિયરમાં ચાલે છે જેનાથી માઈલેજ પર અસર પડે છે. ARAIના રિપોર્ટનો હવાલો આપતા તેમણે કહ્યું કે જે વ્હીકલ ફ્લેક્સ ફ્યૂલ એન્જિન સાથે બનાવવામાં આવ્યા છે તેમાં માઈલેજને લઈને કોઈ ઈશ્યું નથી.

તેમણે જણાવ્યું કે જો કોઈ ગાડીને જરાય થોભ્યા વગર ૧૦૦ કિમી પ્રતિ કલાકની ઝડપે હાઈવે પર દોડાવે તો તેની માઈલેજ વેલ્યૂમાં થોડું અંતર જોવા મળી શકે છે. ગડકરીએ કહ્યું કે ફ્લેક્સ એન્જિન ટેક્નિકને લઈને ભારત સતત શીખી રહ્યું છે અને સમયની સાથે તેમાં મટિરિયલ કમ્પલાયન્સના લેવલ પર સુધાર કરાયો છે.

### એક અરજીકર્તાએ CJIને અપશબ્દો બોલી કાગળો ઉડાડ્યા

# ચીફ જસ્ટિસને અપશબ્દો બોલનાર વ્યક્તિને સુપ્રીમ કોર્ટે આપી માફી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટમાં શુક્રવારના રોજ એક અરજીકર્તાએ CJIને અપશબ્દો બોલીને જજની બેન્ચ સામે કાગળો હવામાં ઉડાડી દીધા હતા, જેના કારણે કોર્ટરૂમમાં ભારે હોબાળો મચી ગયો હતો. જોકે, કોર્ટે તેની સ્થિતિને જોતા તેની સામે કોઈ પણ પ્રકારના કડક પગલાં ન લેવાનો નિર્ણય કર્યો છે. એટલે કે, કોર્ટે અરજીકર્તાને એક પ્રકારે માફ કરી દીધો છે. કોર્ટે જણાવ્યું કે, જ્યારે આ મામલો રજૂ કરવામાં આવ્યો ત્યારે મિસ્ટર પ્રબલ પ્રતાપ, જેઓ આ કેસમાં બંને અરજીકર્તાઓ વતી પિટિશનર-ઈન-પર્સન તરીકે રજૂ થયા હતા, તેમણે કેસ રજૂ કરવાને બદલે વાહિયાત અને અસંસદીય વાતો કહી હતી. સુપ્રીમ કોર્ટે આગળ કહ્યું, જોકે, ઉપર જણાવેલ અરજીકર્તાની સ્થિતિને જોતા, અમે તેમની સામે કોઈ કાનૂની પગલાં લેવાનો પ્રસ્તાવ મૂકતા નથી. જ્યાં સુધી આ કેસની યોગ્યતા (મેરિટ)નો સવાલ છે, અમે રેકોર્ડ જોયા છે, અમને વિવાદિત જજમેન્ટ/ઓર્ડરમાં હસ્તક્ષેપ કરવાનો કોઈ યોગ્ય આધાર મળ્યો નથી. તેથી, સ્પેશિયલ લીવ પિટિશન (SLP) ફગાવી દેવામાં આવે છે. બધી જ પેન્ડિંગ એપ્લિકેશન, જેમાં પોતે હાજર થઈને દલીલ કરવાની પરમિશન અને પિટિશન ફાઈલ કરવાની પરમિશનની એપ્લિકેશન પણ સામેલ છે, તેનો નિકાલ કરવામાં આવે છે. આ ઘટના જસ્ટિસ કે.વી. વિશ્વનાથન અને જસ્ટિસ આલોક અરાધેની બેન્ચ સમક્ષ બની હતી. અરજીકર્તા પ્રબલ પ્રતાપે અલ્હાબાદ હાઈકોર્ટમાંથી તેની રિટ પિટિશન ફગાવી દેવામાં આવ્યા બાદ, સુપ્રીમ કોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા. આ મામલો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૭૩(૪) હેઠળ તેની અરજીને ખાનગી ફરિયાદમાં બદલી દેવામાં આવ્યા બાદ, દેશની સર્વોચ્ચ અદાલતમાં પહોંચ્યો હતો.

જ્યારે આ મામલા પર સુનાવણી શરૂ થઈ, ત્યારે અરજીકર્તાએ પીઠ (બેન્ચ) પર એક અસાધારણ ટિપ્પણી કરતા કહ્યું, ન્યાયિક સેવક મહોદય, હું તમને આદેશ આપું છું કે, તમે લખનૌના વિકાસ નગરના આસિસ્ટન્ટ પોલીસ કમિશનર (ACP) વિરુદ્ધ એફઆઈઆર (FIR) નોંધવાનો ઓર્ડર આપો. આ નિવેદન પર પ્રતિક્રિયા આપતા ન્યાયાધીશ વિશ્વનાથને પૂછ્યું, તમે મને આદેશ આપી રહ્યા છો? તમે અમને આદેશ આપી રહ્યા છો? થોડી જ ક્ષણો બાદ, કોઈ પણ ઉશ્કેરણી વિના, અરજીકર્તાએ કોર્ટરૂમની અંદર કેસના કાગળો હવામાં ઉડાડી દીધા, અને ઝત્તે વિરુદ્ધ અભદ્ર ભાષાનો પ્રયોગ કર્યો. પરિસ્થિતિ બગડતી જોઈને કોર્ટના સુરક્ષાકર્મીઓએ તરત જ તેને કાબૂમાં લીધો અને કોર્ટરૂમની બહાર લઈ ગયા. આ આખા ઘટનાક્રમ દરમિયાન બેન્ચે સંપૂર્ણ સંયમ જાળવી રાખ્યો હતો, અને આ આક્રોશ પર કોઈ પ્રતિક્રિયા આપી ન હતી. અરજીકર્તાને બહાર કાઢ્યા બાદ અદાલતે તે દિવસની કાર્યસૂચિમાં સામેલ બાકીના કેસોની સુનાવણી ફરી શરૂ કરી હતી.

# રામ મંદિર દાન ચોરી કેસઃ તપાસ CBIને સોંપવા મુદ્દે ૧૩ જુલાઈએ સુપ્રીમમાં સુનાવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને મળેલા દાનમાં થયેલી કથિત ગેરરીતિઓની તપાસની માંગ કરતી જાહેર હિતની અરજી (PIL) પર આગામી ૧૩ જુલાઈએ સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવશે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતની આગેવાની હેઠળની સુપ્રીમ કોર્ટની ૩ જજની બેન્ચ આ મામલે સુનાવણી કરશે. આ બેન્ચમાં જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ વી. એસ. મોહન પણ સામેલ છે. એડવોકેટ અજય કુમાર રાય અને દિનેશ કુમાર યાદવ દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુપ્રીમ કોર્ટ સુનાવણી હાથ ધરશે. આ ઉપરાંત, રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના સાંસદ સુધાકર સિંહ દ્વારા આ જ મુદ્દા પર દાખલ કરાયેલી એક અલગ અરજીને પણ સુનાવણી માટે સૂચિબદ્ધ કરાઈ છે. અરજીમાં અયોધ્યામાં રામ મંદિર માટે મળેલા દાન અને ચઢાવામાં મોટા પાયે અનિયમિતતાઓ અને નાણાકીય હેરાફેરીના આક્ષેપો કરવામાં આવ્યા છે. અરજદારોએ કોર્ટની દેખરેખ હેઠળ આ સમગ્ર મામલાની તપાસ કરવાની માંગ કરી છે, જેથી એ સ્પષ્ટ થઈ શકે કે ટ્રસ્ટ દ્વારા મેળવવામાં આવેલા ભંડોળના સંચાલનમાં કોઈ પણ પ્રકારનો ભ્રષ્ટાચાર કે નાણાકીય ગેરરીતિ આચરવામાં આવી છે કે નહીં.






### એચ-૧બી વિઝા કૌભાંડ પર અમેરિકાની સ્ટ્રાઈક

# વર્ક વિઝા કૌભાંડમાં કોગ્નિઝન્ટ સહિત ભારતીય આઈટી કંપનીઓ રડારમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના એચ-૧બી અને પર્મ વર્ક વિઝામાં ચાલી રહેલા કૌભાંડ વિરુદ્ધ ટ્રમ્પ સરકારે મોટું તપાસ અભિયાન શરૂ કર્યું છે. અમેરિકન શ્રમ વિભાગના ટોચના અધિકારીએ કહ્યું કે, આ મોટા કૌભાંડની તપાસની રડાર પર કોગ્નિજેન્ટ સહિતની ભારતીય આઈટી કંપનીઓ છે.

અમેરિકન ઉપપ્રમુખ જેડી વેન્સના નેતૃત્વવાળી 'ટાસ્ક ફોર્સ ટુ એલિમિનેટ ળોડ' હેઠળ વિઝા સંબંધિત આ મોટા કૌભાંડ વિરુદ્ધ આ આકરી કાર્યવાહી કરવામાં આવી છે. શ્રમ વિભાગ હેઠળ કામ કરતા ઓફિસ ઓફ ધ ઈન્સ્પેક્ટર જનરલે (ઓઆઈજી) મોટા સ્તર પર ચાલી રહેલા આ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. ઓઆઈજીના સત્તાવાર નિવેદનમાં તપાસ સંબંધિત અનેક મહત્વની વાતો સામે આવી છે.ઓઆઈજીની તપાસમાં જણાયું છે કે અનેક એમ્પ્લોયર અને લેબર બ્રોકર્સે વિઝા માટે નકલી અરજીઓ કરી છે, વિદેશ કામદારોનું શોષણ કરાયું, તેમને બળજબરીથી ઓછા પગાર પર કામ કરાવાયું અને તેમના નાંણાંમાં ગેરકાયદે કાપ કરાયો છે. ઓછી મજૂરીવાળા વિદેશી કર્મચારીઓથી બજારને ભરી દેવાયું છે, જેનું સીધું નુકસાન અમેરિકન કામદારોને થયું અને તેમની નોકરીઓ છીનવાઈ ગઈ.શ્રમ વિભાગના ઈન્સ્પેક્ટર જનરલ એન્થોની ડી એસ્પોસિટોએ આ કાર્યવાહી અંગે ખુલીને વાત કરી હતી. તેમણે કહ્યું, અમે આ બાબતમાં પહેલાથી જ અનેક કંપનીઓને સમન પાઠવ્યા છે. અમે તપાસમાં મળેલા દરેક પુરાવાના મૂળ સુધી જવાનું સુનિશ્ચિત કરીશું.આઈટી દિગ્ગજ કંપની કોગ્નિઝેન્ટનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, અમારી પાસે એવા વ્હિસલબ્લોઅર્સ છે, જે કોગ્નિઝેન્ટ જેવી કેટલીક મોટી કંપનીઓ અંગે માહિતી આપી રહ્યા છે. આ કંપનીઓ પર્મ અને એચ-૧બી વિઝા સંબંધિત મુદ્દાઓમાં પહેલાથી જ ઘણી ચર્ચા થઈ રહી છે. ઓઆઈજીએ સ્પષ્ટ કર્યું કે, આ પ્રકારની છેતરપિંડીથી દેશમાં કામદારોની સાચી અછતને દૂર કરવા માટે બનાવાયેલા પ્રોગ્રામોની સાખને નુકસાન પહોંચે છે.

આ કાર્યક્રમનો આશય અમેરિકન નાગરિકોની નોકરીઓની કિંમતે ભ્રષ્ટ લોકોના ખીસ્સા ભરવાનો બિલકૂલ નથી.તપાસ એજન્સીએ કહ્યું કે, તે વિદેશી ગેસ્ટ વર્કર વિઝા સિસ્ટમનો દુરુપયોગ કરનારા માનવ દાણચોરો અને બળજબરીથી મજૂરી કરાવનારાને રોકવા માટે કટીબદ્ધ છે. મજબૂર મજૂરોનું શોષણ કરનારા અને અમેરિકન નાગરિકોના હકની નોકરીઓ છીનવવાના કાવતરાંને તે જડમાંથી ખતમ કરવા માટે કટિબદ્ધ છે.

# યુક્રેન પર રશિયાના મિસાઈલ હુમલામાં ૪નાં મોત, ૩૦ ઘાયલ

(સંપૂર્ણ સમાચાર સેવા)કીવ

રશિયાએ બુધવારે વહેલી સવારે અને બપોરે યુક્રેનના વિવિધ વિસ્તારોમાં ડ્રોન અને મિસાઈલ હુમલા કરતાં ઓછામાં ઓછા ચાર લોકોના મોત થયાં હતાં અને આશરે ૩૦ ઘાયલ હતાં. ચાર વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા આ યુદ્ધમાં રશિયાએ સતત બીજા દિવસે પણ રાજધાની કીવ પર હુમલાઓ કરીને દબાણ વધાર્યું હતું. કીવમાં મધરાત પછી જોરદાર વિસ્ફોટોના અવાજો સંભળાયા હતાં. બીજી તરફ યુક્રેનના પ્રેસિડન્ટ વોલોદિમિર ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે યુક્રેને રશિયાના સારાતોવ અને તાતારસ્તાન પ્રદેશમાં આવેલી ઓઈલ રિફાઈનરીઓને નિશાન બનાવી હુમલો કર્યો હતો. ઝેલેન્સ્કી તુર્કીમાં યોજાઈ રહેલી નાટો સમિટ દરમિયાન અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત માટે પહોંચ્યા હતાં. ટ્રમ્પે પત્રકારોને જણાવ્યું હતું કે અમેરિકા યુક્રેન માટે પેટ્રિયોટ એર ડિફેન્સ સિસ્ટમનું ઉત્પાદન અન્ય દેશોમાં પણ થઈ શકે તે માટે લાઈસન્સ આપશે.

